**અમદાવાદના મહે.સાતમા અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ (ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નંબર – ૪૯૭ / ૨૦૨૪**

**આંક:–**

ફરીયાદ :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– કમલેશભાઈ બદ્રીલાલજી મીણા

બાબત :– મોટર વ્હીકલ એકટની ની કલમ ૧૮૫ તથા જી.પી. એક્ટ ૧૩૫(૧) મુજબ

---

**// ચુ કા દો //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે મોટર વ્હીકલ એકટની ની કલમ ૧૮૫ તથા જી.પી. એક્ટ ૧૩૫(૧) મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જરીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**// હુ ક મ//**

(1) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે મોટર વ્હીકલ એકટની ની કલમ ૧૮૫ તથા જી.પી. એક્ટ ૧૩૫(૧) અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપી ને રૂપિયા ૨,૧૦૦ /– ( શબ્દોમા બે હજાર સો રૂપિયા પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન – ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(2) આ કામે મુદ્દામાલ તરીકે કબજે કરેલ વાહન અંગે જો કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરલે હોય તો આથી બીનશરતી કાયમી કરવામાં આવે છે. જો વાહનની વચગાળાની કસ્ટડી અંગેનો હુકમ કરેલ ના હોય તો

સંબંધિત પો.સ્ટે. એ એવો હુકમ કરવામાં આવે છે તેઓએ વાહનની માલિકી અંગેની  ખરાઈ કરી બોન્ડ લઈ હકદાર વ્યક્તી ને સોપી આપવુ.

હુકમ આજરોજ તારીખ:- ૧૪ મી, માહે:- સપ્ટેમ્બર , સને:-૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:- ૧૪/૦૯/૨૦૨૪

સ્થળ :- અમદાવાદ

**( ડો.પૂર્વી કૌશિકભાઈ પંડયા )**
સાતમા અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નવરંગપુરા, અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં.જી.જે.૦૧૩૯૮